R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ ઓલિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

ESTD.YEAR- 19•ISSUE: 39 DATE: 26-09-2015•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-



## અમેરિકાની સામે તમામ જેહાદીઓને એકત્રિત કરીને આખરી લડાઇ છેડવા અલ-ઝવાહીરીનું એલાન

અલકાયદા લિડર એયમાન અલ-ઝવાહીરીએ તાજેતરમાં આપેલા અનેક સંદેશાઓમાં કહ્યું હતું કે અલ અને ઈસ્લામિક સ્ટેટના ટેરર ગ્રુપ બે અલગ અલગ કામ કરે છે પરંતુ આ જેહાદીઓએ સાથે મળીને કામ કરવું જોઈએ.તેમજ સાથે મળીને પશ્ચિમ સામે હુમલાઓ કરવા જોઈએ.જેમાં અમેરિકાના હાર્ટ સમાન શહેરો ઉપર હુમલા કરવા જોઈએ.

હું સહુ મુસ્લીમોને કોલ આપું છું કે તેઓ કે જેઓ કોઈપણ જાતના અચકાટ વિના ક્રુઝેડર બનીને આ દેશોને નુકશાન પહોચાડે.અમો હવે એક એવી લડાઈ તરફ ધ્યાન કેન્દ્રીત કરી રહ્યા છીએ, કે જે વેસ્ટ એટલે ખાસ કરીને અમેરિકા સામે ક્રુઝેડર્સ બનીને તેમના શહેરો ઉપર હુમલા કરે.આ પ્રકારનો એક વીડીયો અલ ઝવાહીરીનો હતો તેમાં આ બાબતો જણાવાઈ હતી.

સીએનએનએ એ બાબત પર ધ્યાન આપતાં જણાવ્યું હતું કે હજુ સુધી આ મેસેજ ક્યારે રેકોર્ડ થયો છે તે જાણવા મળ્યું નથી.અલ કાયદા લીડર તાલીબાન લીડર મુલ્લાહ ઓમરના મૃત્યુ સમયે કદાચ આ બાબત કહી હોય.તેથી માર્ચ કે એપ્રીલમાં આ મેસેજ રેકોર્ડ થયો હોય.

અલ ઝવાહીરીએ ઈસ્લામીક સ્ટેટના લીડર અબુ બકર-અલ-બગદાદીની ટીકા ૨૦૧૪ની માફક કરી હતી.તેના પર આરોપ મુક્યો હતો કે તેઓ મુસ્લીમ સંપ્રદાયને બે પક્ષમાં જુદા પાડવા માંગે છે.તેમજ તે તેમના આદેશો નહી સ્વીકારીને સીરીયાની બહાર તેને રાખે છે.અલ-બગદાદીએ તેમની ચેતવણીને પણ નકારી કાઢી છે.અને તેને પોતાને ખલીફા જાહેર કરી દીધો છે.ઈરાક અને સીરીયાના કેટલાક પ્રદેશો પર તેમણે પોતાનો કબજો મેળવ્યો છે અને ત્યા તેમનો ખલીફા તરીકેનો મોભો ઉભો કર્યો છે.

અમો તેમની ખલીફા તરીકેની માન્યતા માનતા નથી.તેમણે કોઈની આ બાબતમા સલાહ લીધી નથી.મુસ્લીમો તેનાથી કોઈ ફર્ક પડતો નથી.અમેરિકાએ ખુબજ પ્રમાણમાં ડોક્યુમેન્ટ રજુ કર્યા છે. યુ.એસ. ઓફિસ ઓફ ધ ડિરેક્ટ્ર ઓફ નેશનલ ઈન્ટેલીજન્સ દ્વારા આ દસ્તાવેજો મેમાં જાહેર કરાયા છે. તેમાં જણાવાયું છે કે ઓસામા બિન લાદેન,જે અલકાયદાનો ફાઉન્ડર છે અને ૯-૧૧ના હુમલાનો માસ્ટર માઈન્ડ હતો તેણે પણ ઈસ્લામીક સંગઠન બાબતે તેના સપોર્ટર્સને ચેતવણી આપી હતી.તેણે એવી સલાહ આપી હતી કે અત્યારના સંજોગોમાં ઈસ્લામીક સ્ટેટ સાથે તડજોડ કરવા કરતાં હાલમાં અમેરિકન એમ્બેસીઓ પર હુમલા કરવા જોઈએ. આફ્રીકન દેશમાં આવેલી, જેવી કે સિએરા લિઓન, ટોગો અને ખાસ કરીને અમેરિકન ઓઈલ કંપનીઓ ઉપર હુમલા કરવા જોઈએ.આવું બિન લાદેને અતિયાહ અલ-રહેમાંન, જે નવો અલકાયદાનો ચહેરો છે તેને કહ્યું હતું.

તાજેતરના નવા સંદેશમાં પણ અલ-ઝવાહીરીએ કહ્યું છે કે મીલીટંટોએ એકત્ર થઈને એકતા જાળવીને અમેરિકા સામે લડવા તૈયાર થવું જોઈએ.તેમજ તેમના સહયોગીઓ જેઓ હવાઈહુમલાઓ કરી રહ્યા છે અને સ્થાનિક મીલીટંટોને મદદ કરી રહ્યા છે તેઓ ઈસ્લામીક સ્ટેટ માટે લડી રહ્યા છે.

ઈન્સ્ટીટયુટ ઓફ ધ સ્ટડી ઓફ વોરે જણાવ્યું હતું કે કે ઈસ્લામીક સ્ટેટ અને અલકાયદા વચ્ચે કોઈપણ જાતનો સહકાર સધાય તો તે એક મોટા પ્રકારની ચિંતા છે.પરંતુ સીરીયન પ્રેસિડેન્ટ બસર અલ-અસાદ અને બીજા અને રીબેલ ગ્રુપ અસાદ અને ઈસ્લામીક સ્ટેટ સામે લડી રહ્યા છે તે પણ ચિંતાજનક છે.

જો કેઅલ-જવાહીરીએ કહ્યુ હતુ કે જો હું સીરીયામાં હોઉ તો હુ એવા લોકોને મદદ કરુ કે જેઓ મુસ્લીમ મુઝાહીદીન છે.તેઓ અમારા જેવા જ છે. ત્યાં સેક્યુલારીસ્ટ,અલવાટીસ્ટ અને સફાવીડ્સ એક બીજાની સામે લડી રહ્યા છે.અંદરો અંદરની લડાઈમાં કોણ કોની સામે લડી રહ્યું છે તે લોકોની સમજ બહાર છે.પરંતુ હવે આ આતંકવાદીઓ એકતા ઝંખી રહ્યા છે અને તેમનું આખરી નિશાન અમેરીકા છે. અમેરિકાએ સૌથી વધારે ચિંતા કરવાની છે.

સીરીયા, ઈરાક, લેબેનોન,વિગેરે દેશોમાંથી લાખો લોકો આતંકીઓની લડાઈને કારણે વિસ્થાપિત બન્યા છે. અને પોતાનો દેશ છોડીને જીવ બચાવવા અન્યત્ર ચાલી જવાની ફરજ પડી છે.

## નેપાળની બંધારણ સભાએ હિંદુ રાષ્ટ્રનો પ્રસ્તાવ ફગાવી દીધો

નેપાળની બંધારણીય સભામાં થયેલા મતદાનમાં નેપાળને હિંદુ રાષ્ટ્ર ઘોષિત કરવાની માંગ નકારી કઢાઈ હતી.બંધારણીય સભાના નિર્ણયના વિરોધમાં સડકો પર ઉતરી આવેલા લોકો પર પોલીસની ઠેર ઠેર અથડામણો થઈ હતી.આ અથડામણોમાં ઘણા લોકોને ઈજા પહોચી હતી.રાજાશાહી શાસન દરમિયાન નેપાળ અનેક સદી સુધી હુંદુ રાષ્ટ્ર રહ્યું હતું. પરંતુ ૨૦૦૬માં રાજાશાહી નાબુદ થયા બાદ નેપાળને બિનસાંપ્રદાયિક દેશ જાહેર કરી દેવાયો હતો.નવા બંધારણ પર શરુ થયેલા મતદાનમાં એક તૃતિયાંશ કરતાં વધુ સભ્યોએ નેપાળને ફરી હિંદુ રાષ્ટ્ર જાહેર કરવાના વિરોધમાં મત આપ્યા હતા.

નેપાળની રાષ્ટ્રીય પ્રજાતંત્ર પાર્ટીએ દેશને હિંદુ રાષ્ટ્ર જાહેર કરવાનો પ્રસ્તાવ બંધારણીય સભામાં રજુ કર્યો હતો. રાષ્ટ્રીય લોકતાંત્રિક પાર્ટીએ પણ આ પ્રસ્તાવનું સમર્થન કર્યું હતું.બંને પાર્ટીઓ ઈચ્છતી હતી કે નેપાળને ફરી હિંદુ રાષ્ટ્ર જાહેર કરવામાં આવે. આ પ્રસ્તાવ પસાર કરાવવા માટે બંને પાર્ટીઓને બંધારણીય સભાના બે તૃતીયાંશ મતની જરુર હતી.પરંતુ તેનાથી ઉલટું થયું હતું. જેના પગલે પ્રસ્તાવ રદ થઈ ગયો હતો.

નેપાળમાં નવું બંધારણ લાગુ કરવાનો મામલો અંતિમ ચરણમાં પહોચી ગયો છે.પ્રસ્તાવિત બંધારણનો સુધારેલા મુસદ્દાના તમામ આર્ટીકલ અને જોગવાઈઓ પર બંધારણીય સભામાં ચર્ચા પુરી થઈ ચુકી છે.આ ચર્ચામાં નેપાળની ત્રણ મોટી રાજકીય પાર્ટીઓના નેતાઓએ બંધારણીય સભામાં રજુઆતો કરી હતી.

હિંદુ બહુલ વિસ્તારોની મોટાભાગની વસતી નેપાળના રાજાને હિંદુ દેવતા વિષ્ણુના અવતાર માનતા હતા. બંધારણીય સભાના નિર્ણય બાદ સેકંડો હિંદુ સમર્થકો વિરોધ પ્રદર્શન કરવા સડકો પર ઉતરી આવ્યા હતા.પોલીસે એસેમ્બલી હોલની બહાર એકઠા થયેલા ટોળાને અટકાવવા લાઠી ચાર્જ કર્યો હતો.

જો કે નેપાળને હિંદુ રાષ્ટ્ર જાહેર કરવામાં આવે તે માટે કેટલાક દેશો તેની તરફેણ કરી રહ્યા હતા.તેથી નેપાળમાં વસતા કેટલાક કોમી કટ્ટરતાવાદીઓને વિદેશી હિંદુ તાકાતો મદદ કરી રહી હતી.તેમને નેપાળ હિંદુ રાષ્ટ્ર જાહેર થાય તો તેમના અન્ય મકસદો પુરા પડી શકે તેમ હતો. પરંતુ તેમ થયું નથી. તેથી તેઓ યેનકેન પ્રકારે દેશમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તંગ બને તે માટે આતુર છે.પરંતુ નેપાળને આંતરરાષ્ટ્રીય સ્તર પર પોતાની સ્થિતિને વધુ મજબુત અને આગળ ધપાવવી હોય તો તેણે બિનસાંપ્રદાયિકતાનું બંધારણ સ્વીકારવું પડે તેમ છે.

## પર્યુષણમાં માંસ વેચાણના મુંબઇ નગરપાલિકાના હુકમ સામે હાઇકોર્ટનો સ્ટે

મુંબઈ મહાનગરપાલિકાએ જૈનોની ધાર્મિક લાગણીઓને માન આપીને પર્યુષણ પર્વમાં માંસ વેચાણ પર ૪ દિવસ મુકેલા પ્રતિબંધને પડકારતી અરજી પરના ચુકાદામાં બોમ્બે હાઈકોર્ટે મુંબઈ પુરતો પ્રતિબંધ પર સ્ટે મુક્યો છે.એથી હવે સંવત્સરીના દિવસે મુંબઈમાં માંસનું વેચાણ થશે.બોમ્બે હાઈકોર્ટે કતલખાનામાં પશુવધ સંદર્ભે પાલિકા અને રાજ્ય સરકારનો જે નિર્ણય છે તે વિશે કોઈ ફેરફાર નથી કર્યો , એથી એ દિવસે મુંબઈનું સૌથી મોટું કતલખાનું દેવનાર કતલખાનું બંધ રહેશે.

બોમ્બે હાઈકોર્ટના જજ અનુપ મહેતા અને અમજદ સૈયદે આ બાબતે કહ્યું હતું કે આ વિશે તૈયારી કરી છે અને કેટલીક બાબતો વિચારી છે. જેના પર સુનાવણી આગળ જતાં કરાશે.જજે કહ્યું હતું કે અમે તમારી લાગણીઓને માન આપીએ છીએ પણ અમારે કાયદાને અનુસરવુંપડે.જો કે જજે કહ્યું કે મુંબઈ કોસ્મોપોલીટન સીટી છે જ્યાં પ્રોગ્રેસીવ રહેવું જોઈએ જ્યારે આ પગલું તો પારોઠના પગલાં ભરવા જેવું છે.તમે આટલા વર્ષો સુધી કતલખાનામાં થતા પશુવધ પરજ બંધી મુકતા હતા.તેના વેચાણ પર નહીં.તો હવે છેલ્લી ઘડીએ તેના વેચાણ પર પ્રતિબંધ લગાવવાનો નિર્ણય કેમ લીધો ?અમે તમારી લાગણી સમજીએ છીએ પરંતુ શું ખરીદવું અને શું નહી તે જેની તેની પસંદગી પર છે.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

રાજ્યમાં ફરી વાર પાટીદાર આંદોલનના ચમકારા દેખાયા. ફરી વાર તેના નેતાની ધરપકડ નજીવા ભંગ બદલ કરવામાં આવી અને ત્યાર બાદ થોડાક સમયમાં છુટકારો.પરંતુ ધરપકડ અને છુટકારા વચ્ચેના સમયમાં ફરી એક વાર આંદોલનના ટેકેદારો રસ્તા પર આવી ગયા. આ વખતે મહિલાઓનું પ્રમાણ વધારે હતું. અને પરિણામે તોડફોડ ઓછી થઈ પરંતુ વિરોધ ભારે પ્રમાણમાં થયો. સરકારે આ વખતે થોડીક મર્યાદાઓ રાખી તેથી પરિસ્થિતિ વણસતી અટકી ગઈ. જો કે સરકારનો ઈરાદો આ આંદોલનના વાવાઝોડાની ગતિને મંદ કરવા માટેની એક પ્રક્રિયા હતી.અનેક તડજોડ છતાં આંદોલનની ગતિમાં પરિવર્તન નથી આવ્યું પરંતુ હવે એવો આભાસ થાય છે કે ભારેલો અગ્નિ ગમે ત્યારે દાવાનળ પ્રગટાવી શકે છે.

અધુરામાં સંઘ સંચાલકને ભારેલા અગ્નિને પ્રજ્વલિત કરવા માટે હવા આપી છે.હવે એવું લાગવા માંડ્યું છે કે આ જાણી જોઈને ઉભી કરેલી પ્રક્રિયા છે. અને સરકાર અને સંઘના છુપા આર્શીવાદ આ આંદોલનને છે તેથી હવે નવા પરિમાણો આ લડતમાં ક્યારે અને કેવા ઉમેરાય છે તે જોવાનું રહ્યું. ઓબીસી અને દલિત અનામતો વાળાઓએ પણ હવે હુંકાર ભરવા માંડ્યો છે.જો તેઓને સરકાર અને સંઘની રમતની જાણ થઈ ચુકી છે.સવાલ એ છે કે તેઓ તેનો સામનો કેવી રીતે કરે છે. જો તેઓ સીધી આરપારની લડાઈમાં ઉતરશે તો દેશમાં વર્ગવિગ્રહ થવાની સંભાવના ઉભી થાય છે. જાતિ જાતિ વિરુધ્ધ,કોમ કોમ વિરુધ્ધ લાગણીઓ ભડકશે. હજુ સમય છે આ બધાને રોકવાનો

અનુ. પાન નં. ૩ નું ચાલુ

તેમના માર્ગે ચાલે તો ભગવાન તેમનુ રક્ષણ કરે.કારણ કે ૯૨-૯૩માં મુંબઈમાં થયેલા હિંસાચાર દરમ્યાન ગુજરાતી જૈનોનું રક્ષણ કરવાનું કામ હિંદુ ગણી મરાઠીબંધુઓએ કર્યુ હતું.અને ધર્માંધનો હિંસાનો હિંસાથી જવાબ આપવાને કારણેજ ગુજરાતી જૈનબંધુઓનું રક્ષણ થયું અને તેમના જીવ અને તેમની મિલકતો બચી હતીજૈનોને સલાહ આપતાં સામનાના લેખમાં લખાયું હતું કે જીવો અને જીવવા દોની જેમ જેને જે ખાવું હોય તે ખાવા દો.જૈન સમાજ મુસ્લીમોના રસ્તે ચાલવા લાગ્યો છે. મુસ્લીમો માટે તો પાકિસ્તાન છે. પણ જૈનો ક્યાં જશે ?માંસ પર પ્રતિબંધ માટે જૈન સમાજ જવાબદાર છે.વિશેષમાં જ્યાં જ્યાં ભારતીય જનતા પાર્ટીની સરકાર છે ત્યાં તેઓએ મતદારોનું ધ્રુવીકરણ કરવા માટે તે રાજ્યો માંસાહાર પર પ્રતિબંધ લાદી દીધો છે. આમ કરીને ભાજપી સરકારોએ જૈન મતદારોને ખુશ કરવા પ્રયત્ન કર્યો છે.

પર્યુષણ નિમિત્તે કતલખાના એક અઠવાડીયું બંધ રાખવાના જૈનોના દુરાગ્રહના આકરા રાજકીય પ્રતિભાવો પડ્યા છે.દાદરમાં આગર બજારમાં મનસે અને શિવસેનાએ મહાપાલિકાના માંસ વેચવા પર પ્રતિબંધ મુકવાના નિર્ણયના વિરોધમાં ચિકનના સ્ટોલ શરુ કરી નિયમનો ભંગ કર્યો હતો.પોલીસે આ બાબતે મનસેના કાર્યકરની ધરપકડ કરી હતી.પોલીસે ચિકન સ્ટોલ લગાવીને વેચનારા શિવસેનાના સૈનિકોની પણ ધરપકડ કરી હતી.સંજય રાઉતે જણાવ્યું હતું કે પાલિકા નક્કી ન કરી શકે કે લોકોએ શું ખાવું અને શું નહીં.જમ્મુ કાશ્મીરમાં ગૌમાંસ પરના પ્રતિબંધને કારણે હાઈકોર્ટના આદેશ બાદ અલગતાવાદીઓએ બંધનું એલાન આપ્યું હતું.રાજસ્થાન સરકાર દ્વારા આ પર્વને ધ્યાનમાં લઈને માંસ મદીરા ખરીદ વેચાણ પર પ્રતિબંધ મુક્યો છે.

હકીકતમાં તો કોઈ પણ ધર્મના વિચારો અન્યો પર થોપવા જોઈએ નહીં.કોણે માંસ મદિરા ખાવી કે પીવી તે અન્ય ધર્મો દ્વારા લોકો પર થોપી શકાય નહી.કેટલાક રાજ્યોમાં હિદુત્વવાદી સરકારો ચુંટાઈ આવી છે તેમને મન કોઈ પણ પ્રકારની મનાઈઓ લોકો પર થોપી દેવાનો અભરખો જાગ્યો છે. લોકશાહીમાં તમામ ધર્મો સરખા છે.અને દરેકને તેમની માન્યતા મુજબ પાળવાની છુટ છે પરંતુ તેનો અર્થ એ નથી કે તેમારી માન્યતાઓ જે તમારામાં માનતા નથી તેમની પર થોપી દો.જે લોકો માંસ ખાતા નથી તેઓ માંસ ખાનાર પર કેવી રીતે પ્રતિબંધ લદાવી શકે.શિવસેનાએ કરેલ વિરોધ માટે તેમની પીઠ થબથબાવવી પડે કારણકે તેમની સત્તામાં સાંઠગારી છે છતાં પણ તેમણે કોઈપણ જાતની શેહ શરમ રાખ્યા વગર પોતાની માન્યતાને અસરકારક રીતે રજુ કરી છે.

બાંન્દ્રામાં પત્રકારો સાથેની વાતચીતમાં રાજ ઠાકરએ જણાવ્યું હતું કે આ મામલો તો હવે જૈન વિરુધ્ધ હિંદુ રંગ ધારણ કરી રહ્યો છે.તેમણે માંસાહાર પરના પ્રતિબંધની સામે માંસ વેચવાની હાકલ કરી હતી.તેમણે ક્હયુ હતું કે કોઈપણ પ્રતિબંધની સામે માંસ વેચશે તેની મનસે રક્ષા કરશે.મહારાષ્ટ્રમાં શું કરવું તે જૈનોએ નક્કી કરવાનું નથી.આ મહારાષ્ટ્ર છે ગુજરાત નથી.કાલે ઉઠીને રમજાનમાં હોટલ બંધ રાખવાની માંગણી કરવામાં આવશે તેશું કરવાનું તેવો સવાલ તેમણે કર્યો હતો.રાજ ઠાકરએ ચીમકી આપી હતી કે ગુજરાતીઓએ સંઘર્ષની વેળા ન આવે તે જોવું જોઈએ.મુંબઈ હાઈકોર્ટે ચાર દિવસ સુધી પ્રાણીઓની કતલ અને માંસના વેચાણ પર પ્રતિબંધ લાદવાનું વ્યવહારુ નથી તેવું જણાવ્યું હતું.જસ્ટીસ અનોપ મોહતાના વડપણ તળેની ખંડપીઠે આ અરજીની સુનાવણી હાથ ધરતા જણાવ્યું હતું કે મુંબઈ એ મેટ્રોપોલીટન શહેર છે. માંસ પર આમ સીધો પ્રતિબંધ મુકવો યોગ્ય નથી.બજારમાં મળતાં પેક માંસના વેચાણનું શું તેવો કોર્ટે સવાલ કર્યો હતો.જો કે આખરે બે દિવસ માટે પ્રતિબંધ રાખવા માટે તમામ વિરોધીઓ સંમત થયા હતા. અને ભડકેલી આગ ઠરી ગઈ હતી.જો કે હજુ અન્ય રાજ્યો શું કરે છે તે જોવું રહ્યુ

અનુ. પાન નં. ૪ નુ ચાલુ

તાલીમ દરમ્યાન અમે તેમને પત્રકારત્વ, ફોટોગ્રાફી, વિવિધ પ્રકારની સ્પર્ધાઓ, ચર્ચાઓ ,મહેમાનો દ્વારા પ્રવચનો, પરસ્પરના તેહવારોની સામુહિક ઉજવણીઓ, આબુ, સાપુતારા વગેરે સ્થળોના પ્રવાસો, સદ્ભાવના પર્વ(મહુવા)માં હાજરી આપવી વગેરે પ્રકારના પુરક કાર્યક્રમો જેનાથી તાલિમાર્થીઓનું વ્યક્તિત્વ ઘડતર થાય,માનસિક બારી પહોળી થાય, પરસ્પરના ધર્મ માટે માનસન્માન પ્રગટે, પરસ્પર મિત્રતા કેળવાય, કોમી સંવાદિતા પ્રગટે, વાર તહેવારે,જન્મદિને કે લગ્ન પ્રસંગોએ એકબીજાના ઘરે જાય વગેરે હેતુઓ છે. પ્રતિ સાલ અમે સામુહિક હોળીનો ઉત્સવ મનાવીએ છીએ. તથા આબુ ,ખડાલા,સાપુતારા જેવા સ્થળોએ ત્રણે કમ્યુનીટીની યુવતિઓને પ્રવાસે લઈ જઈ કોમી સંવાદિતાની શિબિરો યોજીએ છીએ. આ બધા માટે અમને રિશ્તા સંસ્થાના પ્રણેતા ફાધર વિલિયમ તથા તેમના સહ કાર્યકર હસમુખભાઈનો હંમેશા સહયોગ મળતો રહે છે.એમના દ્વારા યોજાતી પત્રકારત્વની તાલીમને લીધે આજે અમારી બેનો સ્વતંત્રપણે સમાચારો તથા તંત્રીને પત્ર લખી શકે છે જે અખબારોમાં પ્રસિધ્ધ થાય છે.

ફાધર વિલિયમ : મે એવુ સાંભળ્યું છે કે તમે બેનોને વિદેશનો પ્રવાસ પણ કરાવો છો ને તે પણ નિઃશુલ્ક

મનોજ :હા. એ.એફ.એસ. (અમેરિકન ફિલ્ડ સર્વીસ)નામે એક સંસ્થા છે જે કલ્ચરલ એકસચેન્જ પ્રોગ્રામો યોજે છે. મને એ સંસ્થાનો આકસ્મિક પરિચય થયો ને એમણે આ પ્રોગ્રામનો લાભ સી.ડી.એસ.સંસ્થાને આપવાનું કહ્યું જેનાથી મને તો અનહદ આનંદ થયો.પ્રોગ્રામમાં વિવિધ દેશોની સંસ્કૃતિઓનું આદાન પ્રદાન કરવાનું હોય છે.અમે પ્રતિ સાલ બે હિંદુ,બે મુસ્લીમ, અને બે ખ્રિસ્તી એમ કુલ છ બેનોને જર્મનીમાં એકસચેન્જ પ્રોગ્રામ માટે મોકલીએ છીએ.તેઓ ત્યાં એક મહિનો રહીને ત્યાંની સંસ્કૃતિનો અભ્યાસ કરે છે.એવા સ્થળો અને સંસ્થાઓ નિહાળે છે.જ્યારે અમારી બેનો ભારતીય સંસ્કૃતિનો : પોષાક, આહાર તથા સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા ખ્યાલ આપે છે. પ્રવાસનું બધું ખર્ચ એ.એફ.એસ. સંસ્થા ઉપાડે છે.સામાન્ય આર્થિક પરિસ્થિતિ, સામાન્ય ભણતર પરંતુ કોમી સંવાદિતાને વરેલી સી.ડી.એસ.સંલગ્ન બેનોને આનાથી ઘણો લાભ થયો છે.કોઈ કલ્પી નહી શકે કે આવી યુવતીઓ પરદેશના પ્રવાસે જઈ આવી છે.

ફાધર વિલિયમ : મનોજભાઈ, તમને આ બધી પ્રવૃત્તિઓ કરવા માટે ઘણો પરિશ્રમ કરવો પડતો હશે, ખરુને ?

મનોજ : ફાધર, તમે બહુ મહત્વનો સવાલ કર્યો. હા, આવી પ્રવૃત્તિઓ શરુ કરવી સહેલી છે પણ તેને ચલાવવાની ઘણો પરિશ્રમ માંગી લે છે. ખાસ કરીને તો એની આર્થિક જવાબદારીઓ, એટલે અમે અમારા કાર્યક્રમો સાદા રાખ્યા છે જેમાં બહુ નાણાંની કે જટિલ સંચાલનની જરુર પડે નહીં. પરંતુ મારે એ ખાસ કહેવું છે નાતજાત કે ધર્મનો ભેદભાવ રાખ્યા વિના, બિનસાંપ્રદાયિક રીતે, કેવળ જરુરીયાતમંદોની ચિંતા કરીને, હરેક જરુરીયાતમંદ આપણો પાડોશી કહેવાય ,તેમને સહાયરુપ બનવાના શુભાશયે હાથે ધરેલી કોઈ સેવાપ્રવૃત્તિ માટે ક્યારેય બાધ આવતો નથી.ઘણાયે મુસ્લીમભાઈઓ સામે ચાલીને અમારી પ્રવૃત્તિઓ માટે દાન આપે છે.હોલનું ભાડું લેતા નથી કે તેમાં રાહત આપે છે. પ્રવાસ માટે બસ વિના મુલ્યે આપે છે. વિગેરે. આ બાબતે મારા એટલા બધા સુખદ અનુભવ છે કે કહેવા માટે કલાકો જોઈએ. આવી સંસ્થા ચલાવવા હિંમત તો ખરીજ પરંતુ દિલની ભાવના ને ભગવાન ઉપર અખુટ શ્રધ્ધા પણ જોઈએ.

ફાધર વિલિયમ : હા મનોજભાઈ. તમે બહુ અગત્યની વાત કરી. મારુય સચવાય ને બીજાઓનું પણ સચવાય એવી વૃત્તિ આમાં બહુ કામમાં આવતી નથી.કશુંક ગુમાવ્યા વિના કશું મળતું નથી. જીવનમાં કંઈક સારુ કરવા માટે આર્દશ સંજોગોની રાહ જોઈ રહેવાય નહી કારણ કે ક્યારેય આવવાના નથી .કેટલું કમાવું છે ભેગુ કરવું છે. તેની લીમીટ આપણે પોતે નક્કી કરવી પડે. આપણા થોડામાંથી થોડું બીજાની સાથે વહેચીને ખાવું એ સાચી માનવતા છે. છલકાઈ જતું કે ઉભરાઈ જતું હોય તેમાંથી કંઈક વહેચીએ તે નહી, બીજાને આપતાં આપણને થોડુંક ખુંચે. આપણા પ્લાનીંગમાં વિલંબ થાય કે તેને પડતું મુકવું પડે તે જ ખરો માનવબંધુ પ્રેમ છે.અને હા, સામાજિક નિસબત વિનાનું સ્વાર્થી -સ્વકેન્દ્રી જીવન તો પોતાને મનુષ્ય ગણાવતા કે ઓળખવતા કોઈને હરગીર ના શોભે.

મનોજ : ફાધર તમારા આ વિધાનોથી મને ઘણી પ્રેરણા, પ્રોત્સાહન અને હિંમત મળે છે.થેન્ક યુ વેરી મચ ,ફાધર

**નવક્રાંતિ અને ગરવી નવક્રાંતિ સાપ્તાહિકો તરફથી મનોજભાઈની સામાજિકપ્રવૃત્તિનેબિરદાવતા મળેલ એવોર્ડ બદલ સામાજીક ગર્વ અનુભવીએ છીએ તેમજ હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ.**


## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઈ, લગ્ન, રિસેપ્શન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ. શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઈ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધુ પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૩૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઈપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.


**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

# માંસાહાર પર વિવાદો ચગ્યા છે ત્યારે ખરેખર માંસાહાર પર પ્રતિબંધ યોગ્ય છે કે નહી, કોણ નક્કી કરશે

વિવાદો પ્રજા માટે ભલે આફત હોય, નેતાઓ માટે એ અવસર હોય છે.વિવાદો ચગે ત્યારે નેતાઓ મતદાર ઉસેટવા નીકળી પડતા હોય છે.જેમકે હાલમાં મુંબઇમાં લગભગ તમામ મુખ્ય રાજકીય પક્ષો આદુ ખાઇને માંસ ખાવાની છુટના મામલે મેદાનમાં કુદી પડ્યા છે. માંસ ખાવું કે ન ખાવું એ એક અંગત પસંદગીનો સવાલ છે.પણ મુંબઇના જાહેર જીવનમાં માંસાહારના મામલે મરાઠી-મતનું રાજકારણ વેગીલું બન્યું છે.એ સાચું છે કે મહારાષ્ટ્ર-ગુજરાત અલગ થયા ત્યારે મરાઠી અને ગુજરાતી વચ્ચે મોટો સંઘર્ષ થયેલો અને બાળ ઠાકરેની શિવસેનાએ પણ એક તબક્કે ગુજરાતીઓને લક્ષ્ય બનાવેલા.પરંતુ આવા અપવાદો સિવાય, મુંબઇ સદીઓથી મરાઠી-ગુજરાતીઓ શાંતિથી સંપીને સાથે રહેતા આવ્યા છે.હવે માંસાહાર મુદ્દે મરાઠી-ગુજરાતી વચ્ચે વાસણો ખખડવાના બનાવો સપાટી પર આવવાનુ પ્રમાણ વધ્યું છે.બે મહિના પહેલાં મુંબઇના દહીંસર ખાતે એક બબાલ થયેલી. ત્યાંની ૧૮ માળની એક સોસાયટીમાં ૯૦ ફ્લેટ્સ છે. જેમાં ગુજરાતી-મારવાડી-મરાઠી સહિત અનેક સમુદાયના લોકો રહે છે.તો થયું એવું કે ૧૯ જુલાઇની એક રાતે સોસાયટીમાં એક ફંકશન ચાલી રહ્યુ હતું ત્યારે ઉપરના માળેથી એઠવાડ ફેકાયો.ફંકશનમા ઉપસ્થિતિ લોકોને લાગ્યુ કે ચોથા માળેથી, મરાઠી નાટયનિર્માતા ગોવિંદ ચવાણના ઘરમાંથી એઠવાડ ફેકાયો. એટલે એક ટોળુ પહોચ્યું એ ફ્લેટ પર અને એઠવાડ ફેકવાના મામલે ભારે તડાફડી મચી. રાત્રે મોડેથી ઘેર આવેલા ગોવિંદ ચવાણે પોલીસમાં ફરિયાદ નોધાવી કે અમે લોકો નોન વેજ રાધીએ છીએ એ વાતે સોસાયટીવાળાઓએ મારા પરિવાર પર હુમલો કર્યો.આખી વાતમાં એમએનએસ. શિવસેના તથા કોગ્રેસ જુસ્સાભેર ઝંપલાવીને મરાઠીઓનું દિલ જીતવાની કોશીશ કરી. હાઉસીંગ સોસા.માં રહેતા લોકોને એકમેક સામે હોઇ શકે એવા અનેક વાંધાઓમાં સાથે એઠવાડનો મામલો ભળતાં કેટલાક લોકોએ ચવાણના પરિવાર સાથે ઝગડો કર્યો હોય એ શક્ય છે.એપણ શક્ય છે કે નોનવેજ રંધાતું હોવાની સ્મેલ અમુક ગુજરાતી-મારવાડીઓને નહીં પણ ગમતી હોય.પરંતુ સમજવા જેવું છે કે ગોવિદ ચવાણનો પરિવાર આ ફ્લેટમાં બે વર્ષથી રહેછે. એટલું જ નહીં, આ જ બિલ્ડીંગમાં વસ્તી એક અન્ય મરાઠી મહિલાનું કહેવું છે કે અમારી પચરંગી સોસા.માં (મરાઠીઓ)સાથે ભેદભાવ થતો હોવાનો દાવો ખોટો છે.છતાં આખી વાત ગાજી એ રીતે કે શાકાહારી ગુજરાતીઓએ માંસાહારી મરાઠીઓ પર હુમલો કર્યો.આ વિવાદને રાજકીય રંગ આપવાનો પ્રયત્ન આપવામાં રાજકીય પક્ષોની મોટી ભુમિકા હતી.એમાં હવે પર્યુષણમાં મટન ચિકનની દુકાનો બંધ રાખવાનો મામલો ગાજ્યો છે.એ વાત સાચી છે કે જૈનો પર્યુષણમાં કતલખાના બંધ રહે એવું પસંદ કરે છે.જૈનોની આ વૃત્તિમાં નેતાઓને તકના દર્શન થાય છે.પર્યુષણ વખતે કતલખાના કેટલા દિવસ બંધ રખાવવા એ ખેલ જૈનો-મુસ્લીમો કે શાકાહારી-માંસાહારીઓ વચ્ચે નહી, છેવટે તો નેતાઓ વચ્ચે જ ખેલાઇ રહ્યો છે.મુંબઇમાં ૧૯૬૪માં મહાનગરપાલિકાએ પર્યુષણના દિવસોમાં પશુઓની કતલ બંધ રાખવાનો ઠરાવ પસાર કરતી વખતે છેક અકબરનું પ્રમાણ ટાંકેલું કે અકબર પણ પર્યુષણ વખતે કતલખાના બંધ રખાવતો.

૧૯૬૪ના એ ઠરાવ બાદ પર્યુષણના દિવસોમાં બે દિવસ કતલખાના બંધ રાખવાનું ચલણ ચાલ્યું. એમાં વળી થોડા વર્ષ અગાઉ બેના ચાર દિવસ કતલખાના બંધ રાખવાનુ ઠરાવ્યું.જોકે ચાર દિવસ કતલખાના બંધનું ભાગ્યેજ ચુસ્તીથી પાલન થયું. આવામાં આ વર્ષે મુંબઇને અડીને આવેલા મીરા-ભાયંદરમાં ભાજપના એક નેતાએ પર્યુષણ નિમિત્તે બેય નહી, ચારેય નહી, આઠ દિવસનો પ્રતિબંધ મુકવાનો ઠરાવ મહાનગરપાલિકામાં મુકયો.અહી મીરા-ભાયંદરની વસ્તી વિશે એક વાત સમજી લેવા જેવી છે કે અહીં મુસ્લીમોની ગીચ વસાહતો ઉપરાંત જૈનોની વસતી પણ ઘણી છે.એટલે ભાજપે આઠ દિવસના પ્રતિબંધની વાત છેડી.શિવસેનાને લાગ્યું કે આમાં તો ભાજપને સાથ આપવાથી મરાઠી મત ખોવાનો વારો આવે.એટલે શિવસેનાએ પોતાના સાથી ભાજપનો વિરોધ કર્યો.ભારે ધમાચકડી મચી.મટન-ચીકનો વ્યવસાય કરનારાઓએ મીરા-ભાયંદરની પાલિકાના કાર્યાલયમાં ઘુસીને લોકોને નોન-વેજની વાનગીઓ ધરી.માંસ પ્રતિબંધ સામે ઉગ્ર વિરોધ નોધાવવાના જોશમાં શિવસેનાના મુખપત્ર સામનામાં એવું મથાળું બાંધ્યું ખે જૈનો મુસલમાનના માર્ગે ન જાઓ.ખેર છેવટે એવું થયું કે આઠ દિવસની ગર્જના કરનાર મીરા-ભાયંદર બે દિવસ પર આવી ગયું.પરંતુ મુંબઇમાં ચાર દિવસ,નવી મુંબઇમાં આઠ દિવસ અને અમરાવતીમાં નવ દિવસ સુધી માંસ-મટન પર પ્રતિબંધ લાદવાનું નક્કી થયું.એમાંય એનસીપીએ તો હદ કરી નાંખી.એનસીપીએ મુંબઇમાં વિરોધ નોધાવ્યો પણ નવી મુંબઇની સુધરાઇ તેના તાબામાં છે ત્યાં એનસીપીએ ૧૦થી ૧૭ સુધી માંસ પર પ્રતિબંધ રાખવાનું નક્કી કર્યુ.આ કેવું ?મુંબઇમાં વિરોધ અને નવી મુંબઇમાં સહયોગ.

અલબત્ત આમાં નવાઇ પામવા જેવું કશું નથી.કારણકે રાજકીય પક્ષોને એ વાતની કશી પડી નથી કે લોકો શું ખાય છે.કેમ જીવે છે. કેમ મરે છે.એમને ફક્ત મતમાં રસ હોય, સત્તામાં રસ હોય અને સાચું પુછો તો નેતાઓને એમના સત્તાપ્રેમ બદલ દોષી ઠરાવી પણ ન શકાય.કારણકે રાજકારણ બેઝીકલી જ સત્તાનો ખેલ છે.એટલે આખી વાતમાં ચેતવાનું પ્રજાએ છે.પોતાના ઉત્સવ વખતે બીજાઓને વચ્ચે લાવવાની ભુલથી પ્રજાએ પોતે બચવાનું છે.તુર્કીના મુસ્લીમોને કળા આવડે છે.ત્યાંના મુસ્લીમો રોજા ચાલુ હોય ત્યારે પણ પોતાની હોટલ ખુલ્લી રાખીને બિન મુસ્લીમોને પ્રેમથી જમવા આવકારે છે..બીજી તરફ સાઉદી અરેબીયામાં રોજાના દિવસો દરમિયાન હોટલો બંધ જ હોય,પરતું બિન-મુસ્લી ઘરેથી લાવેલું ટીફિન પણ દિવસે ખાતો પકડાય તો એનું આવી બને.તપ ચાહે રોજાનું હોય કે પર્યુષણનું. એ જાતે પોતે મનથી-દિલથી કરવા માટેનું તપ છે.એમાં બીજાઓને વચ્ચે લાવવાની જરુર નથી.નેતાઓને તો બિલકુલ નહી.તેમને તપમાં નહી તકમાં જ રસ હોય છે.નેતા શાકાહારી હોય કે માંસાહારી,સત્તા ખાતર એ ભલભલાને કાચેકાચા ખાઇ શકે છે.આજ એમની રોજીરોટી છે.

દીપક સોલીયા.
સૌ.સંદેશ

# માંસ પર પ્રતિબંધના મામલે મહારાષ્ટ્રમાં શિવસેનાએ જૈનોને ધર્માંધ ન બનવા કહ્યું : જેને જે ખાવુ હોય તે ખાવા દો ની શીખ આપી

મહારાષ્ટ્રમાં ભારતીય જનતા પાર્ટી અને શિવસેનાના ગઠબંધનની સરકાર છે.પરંતુ કેટલીક બાબતોમાં શિવસેનાને ભાજપા સાથે મતભેદ ઉભા થાય છે. તાજેતરમાં મહારાષ્ટ્રમાં જૈનોના પવિત્ર તહેવારો પર્યુષણ દરમિયાન કતલખાનાઓ બંધ રાખવા અને માંસ વેચવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો જેનો શિવસેનાએ ઉગ્ર વિરોધ કર્યો હતો.શિવસેના સત્તામાં ભાગીદાર હોવા છતાં રાજ્ય સરકારને ચેતવણી આપી છે કે જો તેઓ માંસાહાર પરનો પ્રતિબંધ નહી હટાવે તો તેઓ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડનવીશ અને પશુપાલન પ્રધાન એકનાથ ખડસેના ઘરની સામે પશુ બાંધીને આંદોલન કરશે.મનસેએ પણ સરકારના માંસાહાર સામેના પ્રતિબંધનો વિરોધ કર્યો હતો.મનસેના દેશપાંડેએ જણાવ્યું હતું કે જયાં સુધી સરકાર એ મહાપાલિકા માંસાહાર પરથી પ્રતિબંધ નહી હટાવે ત્યાં સુધી અમો અમારુ આંદોલન ચાલુ રાખીશું.ભાજપે માંસાહારના પ્રતિબંધને ટેકો આપ્યો છે.તો વિરોધ પક્ષો મનસે,કોગ્રેસ અને એનસીપીએ તેનો વિરોધ કર્યો છે.તેમણે આક્ષેપ કર્યો હતો કે આ તો ભાજપનો મતદારોનું ધ્રુવીકરણ કરવાનો કારસો છે.જેઓ ૨૦૧૭માં બીએમસીની ચુંટણી પહેલા સમાજના એક વર્ગને ખુશ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

બીફબેન પર આક્રમક બનેલા શિવસેનાએ સામનાના અગ્રલેખમાં જણાવ્યું હતું કે જૈનોને મુસ્લીમોના માર્ગે ન જવાની સલાહ આપી છે.શિવસેનાએ જણાવ્યું છે કે રાજ્યમાં અનેક ઠેકાણે ભયંકર દુકાળ પડ્યો છે. ત્યારે માંસાહાર પર પ્રતિબંધ મુકવા ધાર્મિક દાંડીયા રમવાનું અનુમાષી છે.એટલું જ નહીં તે એક પ્રકારનો હિંસાચાર છે.અત્યાર સુધી ધર્માંધ મુસ્લીમો લઘુમતીના નામે દાદાગીરી કરતા હતા.હવે મુસલમાનોની જેમ લઘુમતીને નામે જૈનો ધર્માંધ બની

અનુ. પાન નં.૨ ઉપર


IN THE FOOTESTED OF JESUS

**HOLYLAND TOUR**

**પ્રભુ કૃપાથી ઇઝરાયેલ ટુર -૨૦૧૫ નું આયોજન કરેલ છે.**

**દેશ-પરદેશના ઇચ્છુક ભાઇ-બહેનોને આ ટુરમાં જોડાવવા માટે જાહેર આમંત્રણ છે. આ ટુરમાં આપ જોઇ શકશો**

**ઇઝરાયેલ, ઇજીપ્ત, જોર્ડન, દુબાઇ** બતાવીશું.

Tour Date 11 November,2015

**પેકેજ પ્રાઇસમાં સામેલ છે. એરટિકિટ, નાસ્તો, લંચ,ડીનર, એન્ટરન્સ ફીએરપોર્ટ ટેક્સ, વીઝાફી, ખાસ ટીપ((Tips),એરફેર, હોટેલ્સ, ગાઇડ ફી,વાહનભાડાં સામેલ છે. અન્ય કોઇ છુપો ખર્ચ નહિ. ગુજરાતીમાં અનુવાદ સાથે સમજ આપવામાં આવશે.**

**પ્રાર્થન પોલ ગોહિલ,**
C/40,નતાશા પાર્ક રેસીડેન્સી- , નિઝામપુરા, વડોદરા. ૩૨૦૦૨૪ મોબાઇલ નં. ૯૮૭૯૪૩૩૭૪,૯૪૨૮૯૯૧૦૮૦
E.mail ID : prarthgohil@gmail.com
* * * * * * * * * * * *



**લગ્ન વિષયક**

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**
(ગર્વ.મેરેજ રજીસ્ટાર)
નં. ૯, કનાન સોસાયટી,
મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯
મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૨૩૨૩૯૬



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

# જ્વેલ ઓફ ઇન્ડીયા એવોર્ડ નવાજિત મનોજ મેકવાન

દિલ્હી સ્થિત 'નેશનલ સોલીડારીટી ઈન્સ્ટીટ્યુટ' વિવિધ ક્ષેત્રે સમાજને વિવિધ પ્રકારની સેવા પુરી પાડતી સંસ્થાઓ તથા વ્યક્તિઓની ભાળ કાઢી તેમનું સન્માન કરે છે.જે સંસ્થા કે વ્યક્તિ દેશમાં કોમી સંવાદિતા પ્રગટે ને પ્રસરે તેને ખાસ મહત્વ આપે છે. તેમનું સન્માન કરવામાં અગ્રિમતા આપે છે.ચાલુ વર્ષે આણંદ ખાતે કમ્યુનીટી ડેવલોપમેન્ટ સર્વીસ સોસાયટી (સી.ડી.એસ)ના પ્રણેતા શ્રી મનોજ મેકવાનને પ્રસ્તુત દિલ્હી સ્થિત સંસ્થાએ બહુમાન માટે પસંદ કરીને તાજેતરમાં 'જ્વેલ ઓફ ઈન્ડીયા' એવોર્ડ એનાયત કરીને સન્માનિત કર્યા છે. આ નેશનલ એવોર્ડ તા.૧૨ ઓગષ્ટ,૨૦૧૫ના રોજ ક્રિશ્ના મેનન ઓડીટોરીયમ, સુપ્રિમ કોર્ટ ,નવી દિલ્હી ખાતે એનાયત કરવામાં આવ્યો હતો.સ્વચ્છ અને બિન રાજકીય પ્રતિભા ધરાવતા મહાનુભાવો ડો.ભીષ્મનારાયણસિંહ(પુર્વ કેન્દ્રીય મંત્રી અને તામિલનાડું રાજ્યપાલ) શ્રી ઓ.પી. વર્મા(પુર્વ ચીફ જસ્ટીસ)શ્રી જોગીન્દરસીંગ(પુર્વ સીબીઆઈ, ડાયરેકટર),ડો.ક્રિશ્નામુર્તિ(પુર્વ ચુંટણી કમિશ્નરઓફ ઈન્ડીયા)તથા શ્રી ઓ.પી. સકસેના(ઓલ ઈન્ડીયા લોયર્સ ફોરમના પ્રેસીડેન્ટ)ની ઉપસ્થિતિમાં મનોજભાઈને આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

સી.ડી.એસ.સંસ્થાની સેવા પ્રવૃત્તિઓથી વિશેષત : કોમી સંવાદિતા પ્રસારવાના તેમના સંનિષ્ઠ પ્રયાસોથી હું પોતે ઘણો પ્રભાવિત થયો હોઈ મારી સંસ્થા રિશ્તા દ્વારા તેમને સહકાર આપતો હતો.નવક્રાંતિ અને ગરવી નવક્રાતિના સુજ્ઞ વાચકો આ સંસ્થાથી વાકેફ થાય અને તેમાંથી પ્રેરણા મેળવે એવી મારી ઈચ્છા ને અપેક્ષા હોઈ એ શુભ હેતુથી આ લેખ લખું છું.લેખ મે તેમની સાથે લીધેલી મુલાકાત રુપે રજુ કર્યો છે.જેથી વાચકો માટે વધુ રસપ્રદ બને.

ફાધર વિલિયમ : નમસ્તે મનોજભાઈ, તમારી સંસ્થા વિશે થોડાઘણું તો હું જાણું છું પરંતુ વિગતે જાણવું છે.તો સૌ પ્રથમ તો એ કહો કે તમને આવી પ્રવૃત્તિઓ કરવાનો વિચાર ક્યારે અને કેમ આવ્યો ?

મનોજ મેકવાન : નમસ્તે ફાધર, મને પણ અમારી સંસ્થા વિશે આપને તથા સૌ વાચકોને કહેવાનું ગમશે. મને આ તક આપી તે બદલ સૌ પ્રથમ તો આપનો આભાર.

ફાધર ૧૯૯૪ની સાલમાં 'આશાદીપ' વિદ્યાનગરમાં ફાધર ઝેવિયરે યોજેલી એક યુવા શિબિરમાં મને સમાજની સાચી વ્યાખ્યા અલબત સમજ અને જ્ઞાન પ્રાપ્ત થયું ને સાથે સાથે વિકાસ એટલે શું તે પણ સમજાયું.આ સમજે મારા જીવનમાં આમુલ પરિવર્તન આણ્યું ને તેને એક નવો વળાંક આપ્યો.જીવનમાં સામાજિક નિસબત ઉમેરાઈ.સમાજ માટે કંઈક કરવાનો વિચાર આવ્યો ને સંકલ્પ કર્યો.પ્રથમ મે સંસ્થાનું નામ 'આગ'(આણંદ એકસન ગ્રુપ) રાખવા વિચાર્યું હતું પરંતુ ૧૯૯૬માં બાબરી ધ્વંશનો બનાવ બન્યો અને તેને કારણે કદાચ ગેરસમજ થાય અને મુશ્કેલીમાં મુકાવાય, એટલે મે કમ્યુનિટી ડેવલોપમેન્ટ સોસાયટી (સી.ડી.એસ) રાખ્યું ને હાલ એ નામ હેઠળ પ્રવૃત્તિઓ કરીએ છીએ.

ફાધર વિલિયમ :તો હવે આગળ વાત ચલાવો.

મનોજ : બાબરી ધ્વંશના સંદર્ભે અમે ખાસ કરીને યુવાવર્ગમાં રાષ્ટ્રીય એકતાની ભાવના પ્રગટે એ માટે ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કર્યું. એમાં ભાગ લેવા માટે શરત એ હતી કે ટીમમાં ઓછામાં ઓછા પાંચ ખેલાડીઓ મુસ્લીમ હોવા જોઈએ. અમને નવાઈ લાગી કે૮૦ ટીમોએ ટુર્નામેન્ટમાં ભાગ લીધો.ધારાસભ્ય ભરતસિંહ સોલંકી,રામસિંહ પરમાર, તથા ૩૩ કાઉન્સીલરોએ અમને ટેકો કર્યો ને મીડીયાએ તો અમને મોટુ કવરેજ આપ્યું. આ અમારે માટે મોટી સિધ્ધિ હતી અને તે અમારે માટે સિધ્ધિ પ્રેરણા પણ બની ગઈ.

ફાધર વિલિયમ : અભિનંદન મનોજભાઈ, તો હવે આગળ ચલાવો..

મનોજ : એ વખતે એક બનાવ બન્યો જેણે પણ મારા પર ઘણી અસર કરી. નજીકની એક વસાહતમાં રસ્તા પર એક ગરીબ છોકરો પ્લાસ્ટીક કચરો નિયમિત વિણવા આવતો હતો.એક દિવસ ત્યાં કોઈએ પ્લાસ્ટીકની એક જુની ડોલ મુકી હતી.આ છોકરાને લાગ્યું કે નકામી છે એટલે અહીં કોઈએ ફેકી દીધી હશે એટલે તેણે એ ડોલને પોતાના થેલામાં લઈ લીધી.કમનસીબે ડોલ મુકનાર ત્યાં ઓચિંતા આવી ચઢ્યો અને ચોર..ચોર.એવી બુમ પાડી બીજાને બોલાવ્યા.લોકોએ છોકરાને પકડ્યો, ખુબ માર માર્યો ને પોલીસ પાસે પકડાવ્યો.અમે લોકોએ ખુબ સમજાવ્યા પણ વ્યર્થ. પછી હું એ ગરીબ છોકરો જ્યાં રહેતો હતો તે જગા શોધી કાઢી ત્યાં ગયો.એ જગા એક ઝુંપડપટ્ટી હતી.ગંદી, ગંધાતી ને વસ્તીથી ભરાયેલી. છોકરાઓ નાગાં, ઉઘાડા ફરે....ને કચરો વિણવા જાય ને એમ દિવસ કાઢે.કુટુંબોમાં બાળકો પણ ઘણા અને દારુણ ગરીબી. નિશાળે ભણવા તો કોઈ જાય નહી. મે વધારે ઝીણવટથી તપાસ કરી તો મને સમજાયું કે આમની ગરીબી ને કંગાલીયતનું મુળ શિક્ષણનો અભાવ છે.એટલે આ બાળકોને ભણાવાનું નક્કી કર્યું.બાળકોને ભણાવવા વાલીઓને સમજાવવા પડે જે સહેલું નહોતું ને બાળકોને વર્ગમાં ભણવા બેસવુંપડે તે પણ કપરુ કામ હતું.કારણ એ તો રખડવા ટેવાઈ ગયાં હતા.આવું છતાં હું હિંમત હાર્યો નહી ને છેવટે આ બાળકોને નજીકની આંગણવાડીમાં ભણવા મોકલવામાં સફળ થયો.

પછી નગર પાલિકાની ચુટણીઓ આવી.ચુંટણીમાં મત લેવા ઉમેદવારો મતદારોને દારુ વહેચતા હતા. અમે લોકો સાથે મીટીંગ કરીને પુછ્યુ કે તમારી જરુરીયાતો કઈ છે તેની વાતો કરો. લોકોએ કહ્યું કે અમારે પાણીની તંગી છે.અમારે દારુ નહી પણ પાણી જોઈએ છે.એટલે અમે લોકોએ ઉમેદવારો પાસે પાણીની માંગણી કરાવવાનું ઠરાવ્યું ને ઠેર ઠેર બોર્ડો મુકાવ્યા જેમાં લખ્યું :અમને દારુ નહી, પીવાનું પાણી આપો. જે ઉમેદવાર પાણી આપશે તેને જ મત આપીશું.અને પાણીના નળ કે હેન્ડપંપ ચુંટણી પહેલાં મુકાવા જોઈએ. અમારે ઠાલા વચનો જોઈતા નથી.

કોઈ માનશે નહી પણ અમારી સ્ટેટેજી બહુજ કામયાબ નીવડી.નળ ને હેન્ડ પંપ મુકાયા. અમે અમારા ઉમેદવારને જીતાડ્યા પણ ખરા.આ સફળતાએ અમને આગળ લોકજાગૃતિ માટે કાર્યક્રમો ઘડવાની પ્રેરણા આપી.

મને ખુદને આશાદીપમાં શેરી નાટકોની તાલીમ અને પ્રેકટીસ મળેલી તેનો મે હવે ઉપયોગ કરવા માંડ્યો અને વિવિધ નાટકો બનાવી અહીં લોકશિક્ષણના કાર્યક્રમો ઉપાડ્યા જેવા કે વ્યસનમુક્તિ,ભણવું,સ્વચ્છતા, અંધશ્રધ્ધા, વગેરે. લોકોને તો આવા કાર્યક્રમો ખુબ ગમવા લાગ્યા ને એનાથી થતા ફાયદાઓ પણ સમજાયા.અમે એ ચાલુ રાખ્યા. ધીરે ધીરે અમે લોકોને સમજાવ્યા કે તમે કચરો વિણવા નથી જનમ્યા પણ માન સન્માનથી માણસની જેમ જીવવા જનમ્યા છો. અમારા આ કાર્યક્રમોએ તો ચમત્કાર સર્જ્યો ને અમારામાં વધુને વધુ ઉત્સાહ રેડાયો.અમે છ બાલવાડીઓ,ગરીબ ઝુંપડપટ્ટી વિસ્તારોમાં કચરો વિણવા જતા બાળકો માટે શરુ કરવાનું નક્કી કર્યું ને આજે પણ એ ચાલે છે.

ફાધર વિલિયમ : આ સિવાય બીજી કઈ પ્રવૃત્તિઓ કરો છો ને તેની આગવી કોઈ ખાસિયત હોય તો તે કહો.

મનોજ : બાબરી ધ્વંશ પછી ગુજરાતમાં ૨૦૦૨માં જે કંઈ બન્યું તે સહુ કોઈ જાણે છે. આણંદ અને તેની આસપાસ કેટલીક અનીચ્છનીય અને દુઃસહ્ય ઘટનાઓ બની જેણે પણ અમને વિચાર કરતા કરી દીધા.કોમી ખાઈ વધુ બહોળી બની ગઈ ને વેરઝેર પણ વધ્યાં. મુસ્લીમોની હત્યા થઈ.તેમની માલમિલ્કત લુંટાઈ ગઈ ને ઘરબાર છોડીને નાસી જવું પડ્યું.કેટલીય મુસ્લીમ મહિલાઓને યુવતીઓ બળાત્કાર અને સામુહિક બળાત્કારનો ભોગ બની.અમારી પાસે એના નક્કર પુરાવાઓને નક્કર ઉદાહરણો આજે પણ મોજુદ છે. એક યુવાન પરિણિત મુસ્લીમ મહિલાના પતિની હાજરીમાં જે તેના પર સામુહિક બળાત્કાર કરવામાં આવ્યો. એ પતિ ગાંડો થઈ ગયો છે ને આજે પણ એજ દશામાં જીવી રહ્યો છે.એને બે બાળકો છે જેની જવાબદારી હવે જેના પર સામુહિક બળાત્કાર થયો હતો તેની પર આવી પડી છે.અમે તેને બાળવાડીની તાલીમ આપી એક ઝુપડપટ્ટી વિસ્તારમાં બાલવાડી શરુ કરવામાં મદદ કરી છે ને તે આજે ચલાવે છે.ને તેમાંથી થોડીઘણી રોજી રોટી કમાઈ શકે છે.આવા બનાવોએ અમને આવી રીતે મુશ્કેલીમાં સપડાયેલી મહિલાઓ માટે ને બીજી ગરીબ મહિલાઓ માટે રોજી રોટીની તકો ઊભી કરવા માટે કંઈક નક્કર કરવા પ્રેર્યા ને એવી વિવિધ પ્રવૃત્તિઓ શરુ કરી.

ફાધર વિલિયમ : એ વિશે વધુ માહિતી આપશો ?

મનોજઃ હા ,અમે એવી પાંચેક પ્રવૃત્તિઓ શરુ કરી છે.

૧. સિવણ વર્ગો, ૨.મહેદી ને બ્યુટી પાર્લર ૩. કમ્પ્યુટર ૪. નર્સીંગ ૫. બાલવાડીઓ.

પ્રત્યેક તાલીમ વર્ગમાં હિંદુ, મુસ્લીમ તથા ખ્રિસ્તી મળીને કુલ ૧૦ બને હોવી જોઈએ ને તાલીમ આપનાર બેનો પણ આ ત્રણેય વર્ગોની હોવી જોઈએ એવો અમારો આગ્રહ હોય છે.

અનું. પાન નં. ૨ ઉપર


★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨



વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧

,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨

ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.